

## મારા સંસ્મરણો : રાજીવ વસ્તુપાલ

હું શારદામંદિર શાળામાં ધોરણ ૫ થી આવ્યો. શારદામંદિર મારા ઘરની ખૂબજ નજીક હોવાથી મને શાળાનો પહેલો બેલ વાગે, તે સંભળાતો અને બીજો બેલ વાગે તે પહેલાં તો હું પૂરઝડપે સાઈકલ ચલાવીને શાળાએ પહોંચી જતો!

શારદામંદિર એટલે મારું બીજું ઘર. શાળાએ અમને સંસ્કાર, શિસ્ત અને સભ્યતા શીખવાડ્યા છે. શ્રી દિનુભાઈ દવેથી માંડીને અમારા સમયના દરેક શિક્ષકોએ અમારામાં જ્ઞાન અને સંસ્કારનું સિંચન કર્યું છે. મને વોલીબોલ, ફૂટબોલ, ફોટોગ્રાફી અને પ્રવાસનો ખૂબજ શોખ – જે શાળાએ જગાડેલો છે. તે ઉપરાંત અમને મળેલું ગણિત, ગુજરાતી, અંગ્રેજી અને હિન્દીનું પાયાનું શિક્ષણ, આજની સ્થિતિમાં ઘણુંજ ફાયદાકારક છે.

મને યાદ છે કે અમે વિદ્યાર્થીઓએ સ્કુલ-મેનેજમેન્ટને ઘણીવાર રજૂઆતો કરેલી કે અમારો યુનિફોર્મ હાફપેન્ટની જગ્યાએ ફૂલપેન્ટ કરે, પણ અમને મંજૂરી નહતી મળી, જેના માટે એક દિવસ નક્કી કરીને અમે હડતાળ પાડેલી અને મારું ઘર નજીક હોવાથી બધાં વિદ્યાર્થીઓ મારા ઘરે ભેગાં થયાં હતાં. તેથી મારે માફીપત્ર લખી આપવો પડ્યો હતો! જોકે પછીથી શાળાના મેનેજમેન્ટે અમારી ફૂલપેન્ટ યુનિફોર્મની રજૂઆતને મંજૂરી આપી હતી.

શારદામંદિર મારી અતિપ્રિય સંસ્થા છે, જેમાં અમને અમારા શિક્ષકો માટે ભરપૂર માન હતું અને આજે પણ છે. અમને અમારા શિક્ષકો તરફથી ખૂબજ પ્રેમ મળેલો છે. હું શારદામંદિરને કદી વિસરી નહીં શકું.

આપણી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી રાજીવ વસ્તુપાલ, હાલ રાજીવ પેટ્રોકેમિકલ્સ પ્રાઈવેટ લિ.ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે તેમજ ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની (FICCI) ગુજરાત સ્ટેટ કાઉન્સિલના ચેરમેન પણ છે. તે ઉપરાંત તેઓ ભારતની અનેક પ્રખ્યાત સંસ્થાઓમાં પ્રમુખ, સંસ્થાપક વગેરે રહી ચૂકેલા છે. તાજેતરમાં તેઓ ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઑફ મેનેજમેન્ટ, ઉદેપુર (IIM-U)ના બૉર્ડ ઑફ ગવર્નર્સના પ્રતિષ્ઠિત હોદ્દા પર જોડાયા છે. ભાઈ રાજીવને ખૂબ શુભેચ્છાઓ.